ગાંધીનગર સમાચાર

વાવોલ શાલ્વીક શુકન ફ્લેટ પાસે નજીવી બાબતે યુવાન પર જીવલેણ હુમલો

## @ગાંધીનગર

● સે-૬-એ અંબાજી મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ દંડી બાપુની વ્યસપીઠે બપોરે ૧ થી ૫ કલાકે યોજાશે.

● લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા આયોજીત જીવન એક ઉત્સવ કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે એલ.ડી.આર.પી. કેમ્પસ હોલ, મિકેનીકલ ડિપાર્ટમેન્ટ ઉપર સે-૧૫ ખાતે યોજાશે. આ કાર્યક્રમના વકતા તરીકે પૂજય ભૂપેન્દ્રભાઈ પંડયા ઉપસ્થિત રહેશે.

### શહેરમાં ઠંડીમાં રાહત

ગાંધીનગર, તા. ૧૧

ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાતા શહેરીજનોએ સારી એવી ઠંડી અનુભવી હતી. જો કે આજે લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલુ વધીને ૧૩ ડિગ્રીએ પહોંચતા ઠંડીમાં સહેજ રાહત મળી છે. મહત્તમ તાપમાન પણ ૩૨.૫ ડિ.સે. નોંધાતા દિવસ હુંફાળો રહ્યો હતો.

હાલના સમયમાં જ્યાં ઠંડીનો અનુભવ થવો જોઈએ ત્યાં સમગ્ર રાજ્યમાં વાઈ રહેલા ઉત્તર તરફના પવનોના કારણે મોટાભાગના શહેરોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાવવા પામતા લોકો પણ હાલઠંડીના બદલે ગરમીનો અનુભવ કરી રહ્યા છે. રાજ્યના મહત્વના શહેરોની જો વાત કરવામાં આવે તો અમદાવાદમાં મહત્તમ ૩૨ અને લઘુત્તમ ૧૩.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ડિસામાં મહત્તમ ૩૨.૨ ડિગ્રી અને લઘુત્તમ ૧૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

રાજધાની ગાંધીનગરમાં મહત્તમ ૩૨.૫ અને લઘુત્તમ ૧૩ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં મહત્તમ ૩૧.૮ અને લઘુત્તમ ૧૮, નલિયા ખાતે મહત્તમ ૩૧.૬ અને લઘુત્તમ ૧૮ ડિગ્રી નોંધાયું છે. સવારના ગાળામાં લોકો હવે સાવચેતીના પગલાંરૂપે ગરમ વસ્ત્રોમાં જ નિકળવાનું પસંદ કરી રહ્યા છે.

# શહેરમાં યોજાયો પ્રજાપતિ સમાજનો સમુહ લગ્નોત્સવ








ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે આજરોજ ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજનો ૨૨મા સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૧૫ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા. આ નવદંપતિઓને આશિર્વાદ આપવા સમાજના હજ્જારો ભાઈ-બહેનો હાજર રહેતા રામકથા મેદાન ખાતે મેળા જેવો માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, મેયર પ્રવિણભાઈ પટેલ, તેમજ ગુડાના ચેરમેન આશિષભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતો ખાખરીયા છાસઠ પ્રજાપિત સમાજનો ૨૨મો સમુહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં સવારથી જ મોટીસંખ્યામાં સમાજના ભાઈબહેનો આવી પહોંચ્યા હતા. આ પ્રસંગે સવારે ૮.૧૫ કલાકે ગણેશ સ્થાપન અને મંડપ મુહર્ત, સવારે ૯ કલાકે ગ્રહશાંતિ યોજાઈ હતી. જયારે બપોરે ૧૨.૩૯ કલાકે નવયુગલોના હસ્તમેળાપનો પ્રસંગ યોજાયો હતો. જયારે સવારના સુમારે ૧૫ વરરાજાનો ભવ્ય વરઘોડો નીકળતા સૌ કોઈ સંગીતના સથવારે ઝુમી ઉઠ્યા હતા. લગ્નમાં અંદાજે ૧૬ હજારથી વધુ જાનૈયાઓ, સમાજના ભાઈબહેનોએ ભોજનનો લાભ લીધો હતો. નવયુગલો તેમજ આમંત્રિત મહેમાનોનો સત્કાર સમારોહ બપોરે યોજાયો હતો.જેમાં શહેરના મેયર પ્રવિણ પટેલ, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ઔડના અધ્યક્ષ નૈલેશભાઈ શાહ, પૂર્વ ઉપાધ્યક્ષ ગુજરાત પ્રદેશ ભાજપ નૌકાબેન પ્રજાપતિ, ઓલ ઈન્ડીયા બ્રિકસ એન્ડ ટાઈલ્સ ફેડરેશનના પ્રમુખ દેવેન્દ્રભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહીને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. જેમાં દરેક સમાજમાં સમુહલગ્ન એક સારી પ્રથા છે. સમુહલગ્નોત્સવમાં પ્રભુતામાં પગલા પાડનાર દરેક નવદંપતિઓને એકસાથે આટલી મોટીસંખ્યામાં હાજર રહીનો સમાજના ભાઈબહેનોના આશિર્વાદ મળે તે સારી બાબત છે. જયારે નૌકાબેન પ્રજાપતિએ બહેનોને પ્રેરણાદાયી વક્તવ્ય આપી કેશલેસની સંપૂર્ણ માહિતી પુરી પાડી હતી અને કેશલેસ વ્યવ્હાર કરવા અનુરોધ કર્યો હતો.

## વાતવાતમાં

● કોલવડા ખાતેની આયુર્વેદ કોલેજને ૬૦ બેઠકોની ફાળવણી કરાઈ છે. આ બેઠકોની ફાળવણીના પગલે વિદ્યાર્થીઓના એડમિશન પણ આવવાના ચાલુ થઈ જતા કોલેજ સંચાલકોમાં હર્ષની લાગણી જણાઈ રહી છે.

● રાંધેજા ખાતે બે મિત્રો વચ્ચે બાઈક માંગવાની બાબતે બબાલ થઈ જતા મામલો એટલો વધ્યો હતો કે જેના કારણે લાકડી ઉછળી હતી. આ બબાલમાં એકને વધુ ઈજાઓ થતા સિવિલ હોસ્પટિલ ખાતે સારવાર અર્થે દાખલ કરાયો છે.

● શહેરમાં શનિ-રવિ-સોમ એમ સળંગ ત્રણ દિવસની રજાઓના કારણે મીની વેકેશન જેવો માહોલ સર્જાયો છે. આ રજાઓના કારણે શહેરના સે-૨૮ના ગાર્ડન તથા અક્ષરધામ ખાતે ભીડ ઉમટી રહી છે.

● શહેરમાં શિયાળાની ઋતુના કારણે વ્યાયામ સાથે સ્પોર્ટસ એકિટવીટમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરની મોટા ભાગની શાળાઓમાં 'સ્પોર્ટસ ડે' ની ઉજવણીના આયોજનની તૈયારીમાં સંચાલકો વ્યસ્ત બન્યા છે.

● ગાંધીનગર નાગરિક બેંકના ડિરેકટર વિપુલભાઈ પટેલના માતૃશ્રી હંસાબેન રમેશભાઈ પટેલનું રવિવારે દુઃખદ અવસાન થવા પામ્યું છે. સદગતની અંતિમ યાત્રા તા. ૧૨મી ડિસેમ્બર સોમવારે સવારે ૯.૦૦ કલાકે તેમના નિવાસસ્થાન ૧૯૭, રવિદીપ, આનંદવાટિકા સોસાયટી, સે-૨૨ ખાતેથી નિકળશે. પરમકૃપાળુ પરમાત્મા સદગતના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.


# સર્જન ટ્રસ્ટે ગરીબ વડીલોને 'હૂંફ' પુરી પાડી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં ધીમે ધીમે ઠંડીએ પકડ જમાવી દીધી છે. શહેરમાં વધી રહેલી ઠંડીના કારણે ઝુંપડપટ્ટીમાં વસતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોની મુશ્કેલી વધી રહી છે. આ પરિસ્થિતિમાં સર્જન એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટે આવા વર્ગના પરિવારોને નવા નક્કોર ગરમ ધાબળાનું વિતરણ કરી કડકડતી ઠંડીમાં હુંફ પુરી પાડવા પ્રેરણાત્મક પ્રયાસ કર્યો છે.

શહેરના વોર્ડ નં. ૭ અને ૮માં સર્જન એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આજે ધાબળા વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વિસ્તારના સે-૩- ન્યુ અને સે-૪ના છાપરામાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના વડીલોને અસહ્ય ઠંડીમાં હૂંફ મળી રહે તે હેતુથી ધાબળા વિતરણ કરાયું હતું. કાર્યક્રમમાં નગરસેવિકાઓ ઉર્મિલાબેન વર્મા તથા પાયલબેન મેણાતનો સહયોગ મળ્યો હતો. કાર્યક્રમમાં સર્જન ટ્રસ્ટના કાર્યકર્તાઓને હોદ્દેદારો સહિત સી.એમ. વર્મા, મુકેશ મારૂ, કિરીટ પરેરા, વિજય હડિયોલ અને સભ્ય સુરેશ મેણાત સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.





ગાંધીનગર શહેરના ઘ માર્ગ પરથી બેફામ ગતિએ રાત્રીના અરસામાં જઈ રહેલી ફીયાટ કંપનીની કાર ઘ-૧ સર્કલ નજીક અચાનક પલ્ટી ખાઈ જવા પામી હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી. આ ઘટના અંગે પોલીસ મથકમાં કોઈ ફરિયાદ નોંધાવા પામી નથી. અકસ્માત બાદ આવેલા ભયાનક અવાજથી આસપાસના વસાહતીઓ ગભરાઈ જઈને ઘરની બહાર આવી ગયા હતાં.

# વાવોલ શાલ્વીક શુકન ફલેટ પાસે નજીવી બાબતે યુવાન પર જીવલેણ હુમલો


ગાંધીનગર, તા.૧૧

વાવોલ ઉવારસદ રોડ પર શાલ્વીક શુકલ ફલેટની નજીક એક યુવાન ગાળાગાળી કરતો હતો. તેને ગાળો બોલતા ટોકનાર યુવાન પર હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. માથાના ભાગે લાકડી ફટકારતા ગંભીર રીતે ઘાયલ થયેલા વાવોલના યુવાનને હોસ્પિટલાઈઝડ કરવામાં આવ્યો હતો. પાંચ દિવસ બાદ તબિયત વધુ ગંભીર જણાતા સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ વાવોલ ઉવારસદ રોડ પર સ્થિત શાલ્વીક શુકન ફલેટની બાજુમાં આવેલી બ્લ્યુ એકઝોટીકા સોસાયટી બહાર ૭ ડિસેમ્બરે રાત્રે કેટલાક યુવાન મિત્રો મોટે મોટેથી વાતો કરતા હતા અને તે પૈકી એક યુવાન કનુજી ઠાકોર જાહેરમાં ગાળાગાળી કરતો હતો. કનુજીને ગાળો બોલતા જીતેન્દ્રસિંહ સરદારસિંહ વાઘેલાએ તેને ટોકયો હતો.આ નજીવી બાબતે કનુજીને લાગી આવતા ઉશ્કેરાઈ ગયો અને લાકડી લઈને માથામાં ફટકારી દેતા જીતેન્દ્રસિંહ ગંભીર રીતે ઘાયલ થયા હતા. હોસ્પિટલમાં સારવાર લીધા બાદ બંને વચ્ચે સમાધાન પણ થઈ ગયું હતું. પરંતુ માથાના ભાગે થયેલી ઈજા વધુ હોવાથી ફરી દુઃખાવો શરૂ થતા આખરે કનુજી સામે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપી છે. પી.આઈ. એચ.જી. પલ્લાચાર્યએ જીતેન્દ્રસિંહની ફરિયાદ લઈ આઈપીસી કલમ ૩૦૭, ૩૨૩ અને ૩૦૪ તથા જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો નોંધી કનુજીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# 'સૂની પડી ગામની શેરીઓ શહેરમાં મચેલા કોલાહલે'

## શિક્ષણ-સ્વાસ્થ્ય-પરિવહન અને રોજગારી સહિતની યોગ્ય માળખાકીય સુવિધાઓના અભાવે ગ્રામ્ય સંસ્કૃતિ તરફથી શહેરીકરણ તરફનો વધતો ઝોક બંને તરફના જીવનને ડામાડોળ કરી રહ્યો છે




ગાંધીનગર, તા.૧૧

ગુજરાતના એક શહેરના ગીચ વિસ્તારમાં વિકસી રહેલ મંદિરના વિશાળ પ્રાંગણમાં ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડાયરામાં હકડેઠઠ મેદની જેને માણવા આવી હતી તે સુવિખ્યાત કલાકાર તેની આગવી ગામઠી બોલીમાં લહેકા કરતા કરતા ગ્રામ્ય જીવનના બે મોંઢે વખાણ કરવા સાથે શહેરી સંસ્કૃતિને ભાંડી રહ્યો હતો અને તેના એક એક ડાયલોગ્સ પર મેદની તાળીઓના ગડગડાટ અને હર્ષની ચિચિયારીઓથી તેને વધાવી રહી હતી. કેટલાક મોંઘા પાશ્ચાત્ય વસ્ત્રોમાં સજજ હરખપદુડા શ્રોતાઓ તો કલાકાર પર ચલણી નોટોનો વરસાદ વરસાવી તેની વાણીને વધાવ્યાનો સંતોષ માની રહ્યા હતા. માત્ર ડાયરા જ નહી સાહિત્ય મેળાવડાઓમાં, લગ્ન કે અન્ય સામાજિક પ્રસંગોમાં, સમાજ જ્ઞાતિના સ્નેહમિલનોમાં કે અત્યારના સોશ્યલ મિડીયામાં પણ ગ્રામ્ય સંસ્કૃતિના વખાણ કરી શહેરી સંસ્કૃતિને ભાંડવાની સાથે અતીતની યાદો વાગોળવાની ફેશન ચાલે છે. પરંતુ હકીકત ચિત્ર કંઈક અલગ જ દર્શાવે છે.

વાસ્તવિક પરિસ્થિતિ જોઈએ તો ગામડાંઓની ગલીઓમાં સુનકાર દિવસેને દિવસે વધતો જાય છે અને શહેરોના મકાનોની બારીઓ એકબીજાના બેડરૂમની અંગતતા ખોરવી નાંખે તેટલી નજીક આવી ગઈ છે. શહેરોમાં ઝુંપડપટ્ટીઓની સંખ્યા જેટલી ઝડપે વધતી જાય છે તેટલી ઝડપે ગામડામાં ખંડેરોની સંખ્યા વધી રહી છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ ૬.૫ કરોડ નાગરિકો શહેરી ઝુંપડપટ્ટીમાં વસે છે જેમાં ૭૨ ટકા તો ૧૮ વર્ષની નીચેના છે. દેશમાં કુલ ૩.૬૫ કરોડ જેટલા ૬ વર્ષની નીચેની વય ધરાવતા બાળકો છે જેમાંથી ૮૦ લાખથી વધુ બાળકો ઝુંપડપટ્ટીઓમાં વસે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ભારતની કુલ વસ્તીના ૬૮.૮૪ ટકા ગામડા અને ૩૧.૧૬ ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરે છે. હવે જો ૧૯૫૧ના આંકડા જોઈએ તો આ રેશિયો ૮૩ ટકા ગ્રામીણ વસ્તી અને ૧૭ ટકા શહેરી વસ્તીનો હતો જે ૨૦૦૧માં ૭૪-૨૬નો થયો હતો. આ જોતા સ્પષ્ટ જણાય છે કે ભારતમાં અત્યંત ઝડપે ગ્રામ્ય સંસ્કૃતિ તુટી રહી છે અને નાગરિકો શહેરો તરફ દોટ મુકી રહ્યા છે. યુએન હેબિટેટ ૨૦૧૬ના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારતના શહેરોમાં વસ્તીનો આંક ૩૦ કરોડને આંબી જશે. આ સંજોગોમાં વળી ભારત સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦ સ્માર્ટ સીટી વિકસાવવાનું લક્ષ્યાંક રાખે છે પરંતુ 'સ્માર્ટ વિલેજ' વિકસાવવાની કોઈ જાહેરાત સંભળાતી નથી.





એક અંદાજ મુજબ દર દસ વર્ષે લગભગ સાત કરોડ જેટલી વસ્તી ગામડાઓ તરફથી શહેરો તરફ પલાયન કરી રહી છે. જેના પાછળ શહેરોની તુલનામાં ગામડાઓમાં ૫ ટકા જેટલી સુવિધાઓનો અભાવ હોવાનું મનાઈ રહ્યું છે. જો કે આંકડાઓની માયાજાળને ભુલીને એક નજર જો નજીકના કોઈ પણ એક ગામમાં દોડાવીએ તો પણ આ સ્થિતિ ઉડીને આંખે વળગે તેવી દેખાઈ આવે છે. જો કે માત્ર સુવિધાઓનો અભાવ જ શહેરો તરફના આકર્ષણના વધવાનું અને

ગામડાંઓના તુટવાનું કારણ નથી પરંતુ અન્ય ઘણા પરિબળો આ બાબતે જવાબદાર છે. આ પરિબળોમાં સૌથી મહત્વનું પરિબળ શિક્ષણનો વધેલો વ્યાપ છે. જે દરેક મા-બાપ પોતાના સંતાનને ઉચ્ચ શિક્ષિત કરવા માંગે છે પરંતુ ગામડાઓમાં ગુણવત્તા યુકત શિક્ષણનો અભાવ તેમને શહેર તરફ જવા મજબૂર કરે છે. આ ઉપરાંત બેરોજગારી, ખેતી લાયક જમીનના વધી રહેલા ટૂકડાં, વિજળી, આવાસો, સડક, સંચાર, સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને પરિવહન જેવી માળખાકીય સુવિધાઓનો અભાવ, મનોરંજનના સાધનોનો અભાવ, ભેદભાવપૂર્ણ સામાજિક વ્યવસ્થા સાથે શોષણ અને ઉત્પીડનના કારણે પોતાના મૂળ નિવાસે સ્વમાનભેર રહી શકવું શકય ના બનવું વગેરે મુખ્ય પરિબળો છે. પરિબળોની અસર એટલી ઘેરી છે કે જેના કારણે ગ્રામ્ય સંસ્કૃતિમાં પરસ્પર સ્નેહભર્યા સંબંધો સાથે ઓછી ખર્ચાળ જીવન શૈલી, સ્વચ્છ પર્યાવરણ અને સ્વાસ્થ્યવર્ધક ખાધા ખોરાકીની સગવડ હોવા છતાં ગામડાં તુટી રહ્યા છે તે નિર્વિવાદ હકીકત છે.

શહેરોમાં દેખાદેખીના કારણે અત્યંત ખર્ચાળ જીવનશૈલી, પ્રદૂષણ, પોષણક્ષમ રોજગારીનો અભાવ અને જરૂરિયાત મુજબના સંબંધો ધરાવતા સામાજિક વ્યવસ્થા હોવા છતાં ગ્રામજનો શહેરો તરફ આકર્ષાઈ રહ્યા છે. આકર્ષણમાં શિક્ષણ-સ્વાસ્થ્ય અને પરિવહન સહિતની સુવિધાઓ સાથે ચકાચક દેખાતી ઝાકમઝોળ અને મનોરંજન માટેની સુવિધાઓની ભરમાર પણ ઉમેરો કરે છે. ગ્રામ્ય સંસ્કૃતિને તુટતી અટકાવવા સૌ પ્રથમ તો ગામડાંઓમાં માળખાકીય સુવિધાઓ ઝડપી વિકસાવવાની તાતી જરૂરિયાત છે જેમાં યોગ્ય શિક્ષણ, તબીબી સુવિધાઓ, ટ્રાન્સપોર્ટેશન, કૃષિ ક્ષેત્રે આધુનિકતા, વ્યવસાય લક્ષી શિક્ષણ, ભ્રષ્ટાચાર મુકત વહીવટ ઉપરાંત ન્યાય અને સમાનતા આધારિત સમાજ વ્યવસ્થા સુદૃઢ કરવી ખૂબ જ જરૂરી છે. જ્ઞાતિવાદનું વધતુ દૂષણ પણ શહેરીકરણ માટે જવાબદાર પરિબળ છે. વર્ષ ૨૦૦૬માં સરકારે પ્રસ્તુત કરેલ મનરેગા યોજનાને કારણે ગ્રામીણોને ઘરે બેઠાં રોજગારીની તકો વધતા તેના સાનુકુળ પરિણામો દેખાયા છે. જેને હવે નોટબંધીના નિર્ણયથી બળ મળતા આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. નોટબંધી બાદની પરિસ્થિતિ હાલ પુરતો તો શહેરીકરણના વેગ પર બ્રેક મારશે પરંતુ આ બાબતે 'દિલ્હી હજુ ઘણું દૂર છે'.

**'કેમ સુકાયાં ઝરણ? પ્રશ્ન પણ પુછયો નહીં,**
**ને ઘડો લટકી ગયો દોરડે કૂવા ઉપર..!!'**

**- પ્રફુલ્લ દેસાઈ**

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# સે-૨૦ ખાતે આયોજીત બે દિવસીય આધારકાર્ડ કેમ્પમાં ૪૦૦ થી વધુ નાગરીકોએ લાભ લીધો

## બાકી રહી ગયેલા નાગરીકો માટે સોમવારે પણ આધારકાર્ડની કામગીરી કાર્યરત રહેશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૦ ખાતે બે દિવસીય આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સેકટરના રહીશોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બે દિવસમાં અંદાજીત ૪૦૦ થી વધુ નાગરીકોએ આધારકાર્ડ માટે ફોર્મ સબમીટ કર્યા હતા. જયારે સોમવારે રજા હોવાથી તેમજ બાકી રહી ગયેલા નાગરીકો માટે સોમવારે પણ આધારકાર્ડની કામગીરી ચાલુ રહેશે.

અત્યારે હાલના સમયે આધારકાર્ડ એક અત્યંત જરુરી ડોક્યુમેન્ટ તરીકે ગણાય છે.સમગ્ર ભારતમાં આધારકાર્ડની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આધારકાર્ડ નંબર બેંક એકાઉન્ટ સાથે જોડતા સરકારી સબસીડીની રકમ તેમજ મળવાપાત્ર લાભોની રકમ જે તે લાભાર્થીના ખાતામાં જમા થાય છે. દરેક વ્યકિતનો પોતાનો આધાર એટલે આધારકાર્ડ... શહેરના દરેક નાગરીકનું આધારકાર્ડ સરળતાથી મળી રહે



તે માટે તંત્ર દ્વારા સેકટરોમાં કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત સ્થાનિક કોર્પોરેટર દ્વારા સેકટર-૨૦ના જે વસાહતી ભાઈ બહેનોને આધારકાર્ડ ના હોય તેવા નાગરીકો માટે બે દિવસીય આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શનિવારના રોજ પ્રથમ દિવસે સે-૨૦ પ્રાથમિક શાળાનં-૨ ના ૩૫ વિદ્યાર્થીઓ તેમજ ૧૨૦ વસાહતીઓએ આધારકાર્ડની કામગીરી કરી હતી. જયારે રવિવારની રજા હોવાથી વહેલી સવારથી જ નાગરીકો મોટીસંખ્યામાં ઉમટી પંડ્યા હતા. મોડીસાંજ સુધી નાગરીકોનો ભારે ધસારો રહેતા તંત્રએ પણ સોમવારના રોજ આધારકાર્ડ કેમ્પ શરુ રાખવાનો નિર્ણય રાખવાનો નિર્ણય લીધો હતો. જયારે બે દિવસીય આધારકાર્ડની કામગીરીમાં ૪૦૦ થી વધુ નાગરીકોએ લાભ લીધો હતો.

## ચિરવિદાય

● સ્વ. સંતોકબેન હરીભાઈ ચૌધરી, ઉ.વ. ૭૦